અપીલ અરજી નં.૪૨૪ તા.૩૦–૩–૦૯

અરજદારઃ– શ્રી વસંતલાલ ડી. રાણા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વસંતલાલ ડી. રાણાની તા.૪–૨–૦૯ ની અરજીથી ધર્મયુગ સોસા. ટેના.નં.૨૭એફ–૦૫–૧૧૭૧–૦–૦૦૧, ૨૭ડી–૦૯–૩૫૭૧ –૦–૦૦૧ વિગેરે મિલ્કતો ગ્રા.ફલોર વત્તા ત્રણ માળની હોવા છતાં સને.૨૦૦૮–૦૯ નો મિલ્કત વેરો કેવી રીતે એકદમ ઘટી ગયો મિલ્કતમાં કોઈ ફેરફાર નથી તથા તેમની પ્લાન, રજાચીઠ્ઠી, આગલી વેરાબીલોની નકલ વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૩૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૨૪ /૨૦૦૮–૦૯

શ્રી વસંતલાલ ડી. રાણાની તા.૪–૨–૦૯ ની અરજીથી ધર્મયુગ સોસા. ટેના.નં.૨૭એફ–૦૫–૧૧૭૧ –૦ –૦૦૧, ૨૭ડી–૦૯–૩૫૭૧–૦–૦૦૧ વિગેરે મિલ્કતો ગ્રા.ફલોર વત્તા ત્રણ માળની હોવા છતાં સને.૨૦૦૮–૦૯ નો મિલ્કત વેરો કેવી રીતે એકદમ ઘટી ગયો મિલ્કતમાં કોઈ ફેરફાર નથી તથા તેમની પ્લાન રજાચીઠ્ઠી, આગલી વેરાબીલોની નકલ વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૮૭૭૪ તા.૨–૩–૦૯થી મળેલ માહિતી અધુરી હોવાનું તથા માંગેલ નકલો મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૬ તા.૮–૪–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સેકશન ઓફિસર આકારણી અને વસુલાત વિભાગ સાઉથઝોન ઉધના તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૩ તા.૧૭–૪–૦૯ તથા સા.ઝોન/ટેક./આ.નં.૩૪૮ તા.૧૭–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૪–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી ટેના નં.૨૭એફ–૦૫–૧૧૭૧–૦–૦૦૧ થી ૦૦૪, વિજયનગર પ્લોટ નં.૧૨૧ ટેના નં. ૨૭ઈ–૧૧–૧૨૩૧–૦–૦૦૧ તથા વિજયનગર પ્લોટ નં.૧૭૦ ૨૭ઈ–૧૧–૧૭૩૧–૦–૦૦૧, ૨૭ડી–૦૯–૩૫૭૧–૦–૦૦૧, ના વેરોબીલો ઘટી કેમ ગયા તેની માહિતી માંગવામાં આવેલ. જે સબંધે માહિતી અસ્પષ્ટ હોઈ ખરેખર શું માહિતી જોઈએ છે તે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ન સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૮૦ તા.૬–૨–૦૯ ના રોજ સ્પષ્ટતા કરવા અંગે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જે સબંધે અરજદારે તા.૧૮–૨–૦૯ ના રોજ સ્પષ્ટતા કરી ટેના નં.૨૭એફ–૦૫–૧૧૭૧–૦–૦૦૧ થી ૦૦૪, વિજયનગર પ્લોટ નં.૧૨૧ ટેના નં. ૨૭ઈ–૧૧–૧૨૩૧–૦–૦૦૧ તથા વિજયનગર પ્લોટ નં.૧૭૦ ૨૭ઈ–૧૧–૧૭૩૧–૦–૦૦૧ નો વેરો કયા કારણસર ઘટી ગયો તથા ૨૭ડી–૦૯–૩૫૭૧–૦–૦૦૧,નો વેરો કયા કારણસર વધ્યો તેની માહિતી માંગેલ. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭૮૭ થી તા.૨૦–૩–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડવા માટે દસ્તાવેજ ફી રૂ.૨૪/– ભરી માહિતી મેળવી લેવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જે અરજદારે તા.૧૯–૪–૦૯ ના રોજ રસીદ નં.૪૦૪૬૧૮ થી જમાં કરાવતાં જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭૮૭ તા.૨૦–૩–૦૯ થી જયારે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક./અ.નં.૮૭૭૪ તા.૨–૩–૦૯ થી મુદ્દા નં.૧ ધર્મયુગ સોસાયટીના વિકાસ પરવાનગીના પ્લાન મંજુર થયેલ નહીં હોવાની માહિતી આપેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) અનુસાર ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ અનુસારની ગણાય. અરજદારની માહિતીનો મુખ્ય મુદ્દો મિલ્કતોના વેરામાં વધારા ઘટાડા બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૭૮૭ તા.૨૦–૩–૦૯ થી સુધારેલ કરવેરાના નિયમો સામાન્ય સભાના ઠરાવ નં.૭૦૬/૨૦૦૮ મુજબ લાગુ પડેલ હોવાથી તેમ થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારને તેની નકલો આપવા કોઈ કાર્યવાહી કરેલ જણાતી નથી કે વિકલ્પે સદર માહિતી જે કલમ–૪(૧) (બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ આવેલ. જે શીર્ષક હેઠળ વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ થયાનો હવાલો આપી માહિતી જો તે પ્રસિધ્ધ થયેલ હોય તો વેબસાઈટ પરથી મેળવી શકાય તેવું સૂચિત કરેલ જણાતું નથી. જેમાં અરજદારને તા.૩૧–૩–૦૮ તથા ૩૧–૩–૦૯ ની સ્થિતિએ અરજદારને. નં.૨૭એફ–૦૫–૧૧૭૧–૦–૦૦૧ થી ૦૦૪, વિજયનગર પ્લોટ નં.૧૨૧ ટેના નં. ૨૭ઈ–૧૧–૧૨૩૧–૦–૦૦૧ તથા વિજયનગર પ્લોટ નં.૧૭૦ ૨૭ઈ–૧૧–૧૭૩૧–૦–૦૦૧, ના વેરાનાબીલની માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જયારે ૨૭ડી–૦૯–૩૫૭૧ –૦–૦૦૧ ની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૪–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારને ૨૭ડી–૦૯–૩૫૭૧ –૦–૦૦૧ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા કરવેરાની સુધારેલ જોગવાઈ વેબ પરથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય તો તે રીતે સૂચિત કરવા અન્યથા અરજદાર ઈચ્છુક હોય તો પ્રકાશિત સ્વરૂપની નકલો આરટીઆઈ એકટની કલમ–૭(૧) અને ૭(૩) સાથે નિયમ–૫ (બી) હેઠળની મુકરર દસ્તાવેજ ફી ભરાવી પૂરી પાડવા અને અમલવારીની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વસંતલાલ ડી. રાણા